# રહીયોલ નજીક નમકીન બનાવતી કંપનીને લોડ વધારાનો દંડ ફટકારતું વિજ તંત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ધનસુરા તાલુકાના રહીયોલ નજીક નમકીન બનાવતી ખાનગી કંપનીમાં થતા વિજ વપરાશમાં લોડ વધારો કરવાની માંગણી કર્યા સિવાય વિજ વપરાશ થતો હોવાની ફરિયાદને પગલે વિજ તંત્રની ટીમોએ ઓચિંતિ તપાસ કરતાં રૂા.૧૦ લાખથી વધુનો દંડ ફટકારાયાની ચર્ચાઓ ઉઠી છે. વિજ તંત્ર દ્વારા સ્થળ ઉપર જઈ દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે પરંતુ ઉચ્ચ અધિકારીઓ દંડની રકમ અંગે કંઈપણ કહેવા માટે વાત ટાળી રહ્યા છે. વરસાદ ખેંચાયો છે તેવા સંજોગોમાં તમામ વિસ્તારોમાં વિજ માંગ વધ્યા પછી લોડના કારણે લાઈનોમાં સતત ટ્રીપીંગ થતું હોવાથી વિજ તંત્ર દ્વારા વિજ ચોરી તેમજ લોડ વધારો પકડવા માટે ટીમો દોડતી થઈ છે.

**રૂા.૧૦ લાખથી વધુનો દંડ ફટકારાયાની ચર્ચા**

જિલ્લામાં વરસાદ ખેંચાયો છે, ખેતરોમાં ઉભો પાક મૂંરઝાતો હોવાથી સબમર્શિબલ પંપ દ્વારા સિંચાઈનાં પાણી ખેડૂતો આપવા લાગતાં કૃષિ ક્ષેત્રે વિજ માંગમાં ધરખમ વધારો થયો છે. જ્યારે હવામાનમાં તાપમાનનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે જેના કારણે મકાનો, દુકાનો અને ઓફીસોમાં પણ ઠંડક આપતાં ઉપકરણો સતત ફરી રહ્યાં છે જેથી ઘરેલું તેમજ ઔદ્યોગિક વિજ પુરવઠામાં લોડ વધ્યો છે. ધનસુરા તાલુકામાં વિજ લોડની સમસ્યા વધતાં તાજેતરમાં વિજ તંત્રની ટીમો દ્વારા લોડ વધારો જણાતો હોય તેવા વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી જેમાં રહીયોલ નજીક નિર્માણ પામેલી ખાનગી નમકીન બનાવતી કંપનીમાં નિયત કરેલા વિજ પુરવઠા કરતાં વધુ પુરવઠો વાપરવામાં આવતો હોવાનું જણાઈ આવ્યું હતું. કંપની દ્વારા વધારાના લોડની માંગ કર્યા સિવાય નિયમ ભંગ કરી પુરવઠો વાપરવામાં આવતો હોવાનું બહાર આવતાં વિજ તંત્ર દ્વારા નમકીન કંપનીને રૂા.૧૦ લાખથી પણ વધુનો દંડ ફટકારવામાં આવતાં સનસનાટી મચી છે.

# ધનસુરાની વિજ કચેરીમાં સત્યનારાયણની કથા યોજાઈ

**વિજ હાદસા નિવારવા કથાનું આયોજન**



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ધનસુરાની સબ ડીવીઝન વિજ તંત્રની કચેરીમાં તાજેતરમાં વિજ કર્મચારીઓ દ્વારા સત્યનારાયણની કથાનું આસ્થા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વિજ લાઈન ઉપર કોઈ હાદસો ન બને અને સાર્વત્રિક મેઘમહેર થાય તેવી શુભ ભાવના સાથે કથા ગોઠવવામાં આવી હતી જેમાં વિજ કર્મચારીઓએ કથા શ્રવણનો લાભ લીધો હતો.

ચોમાસામાં વિજ સમસ્યાઓ સાથે કરંટ લાગવાના હાદસા શરૂ થતા હોય છે. અનેક વિજ કર્મચારીઓ વિજ પુરવઠો નિયમિત કરવા જતાં કરંટના હાદસાનો શિકાર બન્યા છે ત્યારે ધનસુરા સબડીવીઝન યુ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ દ્વારા લાઈન સ્ટાફ લાઈન ઉપર હોય ત્યારે કોઈ વિજ દુર્ઘટના ન સર્જાય તે માટે કચેરીમાં ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટાભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કથા સમયે વરસાદ ખેંચાવવાથી ઉભી થયેલી દુષ્કાળની પરિસ્થિતિ દૂર થાય અને સમગ્ર રાજ્યમાં ભરપૂર વરસાદ વરસે, ધરતીપુત્રો ઉપર આવી પડેલું સંકટ દૂર થાય અને વૈશ્વિક શાંતિ પ્રવર્તે તે માટે વિજ કર્મચારીઓ દ્વારા ભગવાન સત્યનારાયણ દેવ સમક્ષ પ્રાર્થના કરવામાં આવી હતી.

# ભિલોડામાં મકાન ખરીદીનો બાનાખત કરી ડૉક્ટર સાથે લાખોની છેતરપીંડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૮

ભિલોડાની પટેલ સોસાયટીમાં રહેતા ડૉ.વિષ્ણુ રમણભાઈ પટેલને મકાન વેચાણનો બાનાખત કરી આપી સોસાયટીમાં જ રહેતા ઋષિકેશ રમેશભાઈ ભાવસાર અને રમેશ ભોગીલાલ ભાવસારે તૈયાર મકાન ઉપર વર્ષ-૨૦૧૮માં ખાનગી ફાઈનાન્સમાંથી લાખોની લોન બારોબાર લીધા પછી ડૉક્ટર પાસેથી વેચાણ રાખેલ મકાનના રૂા.૨૮,૫૧,૦૦૦ રોકડા લઈ છેતરપીંડી આચરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ભિલોડા પોલીસે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે.

**છેતરવાના ઈરાદે બારોબાર લોન લેવાની સાથે રૂા.૨૮.૫૧ લાખ પડાવ્યા**

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ ભિલોડાની પટેલ સોસાયટીમાં ઋષિકેશ ભાવસાર અને રમેશભાઈ ભાવસારે સર્વે નં.૨૫૦૨/૨૫૦૩ પ્લોટ નં.૨૯-૩૦ની ૧૦૮.૮૭ ચો.મી. જમીનમાં બનાવવામાં આવેલ મકાન સોસાયટીના રહીશ ડૉ.વિષ્ણુભાઈ પટેલને વેચાણ આપ્યું હતું જેમાં બનાવેલ મકાન ઉપર ઈડરની ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી રૂા.૨૨,૫૦,૦૦૦ તથા પાછળથી રૂા.૪ લાખની લોન બારોબાર લીધી હતી અને મકાન ખરીદનારને છેતરવાના ઈરાદે વેચાણ આપેલ મકાન પેટે રૂા.૨૮,૫૧,૦૦૦ની રોકડ રકમ ખંખેરી લીધી હતી. રજીસ્ટર દસ્તાવેજ કરી આપવામાં પણ ગલ્લાંતલ્લાં થતાં ડૉક્ટરને શંકા ગઈ હતી જેથી તપાસ કરતાં ભાવસાર પરિવારના સભ્યોએ મકાનનો બાનાખત કરી આપી આર્થિક રીતે છેતરવાનો કારસો રચ્યાનું જણાઈ આવતાં પોલીસ ફરિયાદ આપી છે. બનાવ અંગે ભિલોડા પોલીસે આરોપી ઋષિકેશ ભાવસાર અને રમેશભાઈ ભાવસાર વિરૂદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



રશ્મિકાન્ત ઉપાધ્યાય (વિવેકાનંદ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



યોગેશભાઈ પ્રવિણચંદ્ર શાહ, પત્રકાર મોડાસા, જિ.અરવલ્લી



જયદીપ ચેતનભાઈ રાણા (શ્રીજી સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



મનિષભાઈ પટેલ (સતનામ સ્ટીલ) (સ્વામિનારાયણ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



કુણાલ રમેશભાઈ પટેલ મોહનપુર, તા.તલોદ



જગદીશભાઈ પી. પ્રજાપતિ, પત્રકાર સાઠંબા, તા.બાયડ



ચિરાગ ભોગીલાલ પટેલ (એક્સ બી.આર.સી.,બાયડ) અંબાવાડા, તા.પ્રાંતિજ



હિતેષભાઈ પંડ્યા (સ્વામિનારાયણ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી

# તલોદ નગરપાલિકાના કોર્પોરેટરે નાના ભૂલકાંઓ માટે આર.ટી.આઈ કરી

**બાલ આંગણવાડી બંધ રાખવા તેમજ તેના કર્મચારીઓને પગાર ન આપવા બાબતે સરકારનો કોઈ પરિપત્ર હોય તો તેની માહિતી માંગી**

તલોદ, તા. ૨૮

તલોદ નગરપાલિકા સંચાલિત પાલિકા વિસ્તારમાં બાળ આંગણવાડીઓ ચાલે છે આ આંગણવાડીઓ અંગે પ્રજાજનો કે હોદ્દેદારોને કોઈ જ માહિતી ન હોય તેમ તલોદ પાલિકાના એક કાઉન્સિલરે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ પાલિકાના ચીફ ઓફિસર પાસે માહિતી માંગતા બાલ આંગણવાડીમાં થઈ રહેલા ભ્રષ્ટાચારની પોલ ખુલી જવાની ચર્ચાઓ પ્રજાજનોમાં જ થઈ રહી છે. તલોદ નગરપાલિકા કોર્પોરેટર રાજેશકુમાર સુરેશભાઈ શાહે તલોદ નગરપાલિકા ચીફ ઓફિસરની જાહેર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ બાળ આંગણવાડીઓ ની હૃદયસ્પર્શી માહિતીઓ માંગતા પ્રજાજનોમાં આવકારદાયક બન્યું છે આ માહિતી માં કેટલી બાળઆંગણવાડી, કેટલા વર્ષ સુધી ચાલે છે તેની માહિતી તેમજ આંગણવાડીમાં કર્મચારીઓને કેટલો પગાર અપાય છે તે અને છેલ્લા બે વર્ષથી સરકારના કોઈ વિભાગ દ્વારા લેખિત સૂચના થી આંગણવાડી બંધ કરવામાં આવી હોય તો તેની માહિતી માંગવામાં આવી છે.





આ કાઉન્સિલર દ્વારા આ માહિતી માંગવા પાછળનો ઉદ્દેશ નાના ભૂલકાઓ માટે અપાતી સુખ-સુવિધાઓ માં પણ ભ્રષ્ટાચાર થયો હોય તેવી આશંકા સેવાઈ છે તેમજ આંગણવાડીમાં કામ કરતા કર્મચારીઓનો પગાર પણ દફતરે દર્શાવી બારોબાર ચાઉં થઈ જતો હોય તેવી પણ શંકા ઉદભવી છે ઘણા વર્ષો થી તલોદ શહેર તથા આજુબાજુના વિસ્તારમાં બાળ આંગણવાડીઓ કાર્યરત હતી પરંતુ પાલિકાના હોદ્દેદારો અને અધિકારીઓની હુંસાતુંસીમાં નાના ભૂલકાઓનું બચપન દબાઈ ગયું છે કેટલાક વાલીઓ દ્વારા બાલ આંગણવાડી શરૂ કરવા અથવા ઘરે કોરોના ગાઈડલાઈન ના પાલન સાથે કર્મચારીઓની આંગણવાડી મુજબ કામ કરવા દેવા પાલિકામાં અનેક રજૂઆતો પણ કરેલી હતી છતાં પણ અધિકારીના આપ-ખુદશાહી વલણથી આ સમસ્યા વિકરાળ બની આખરે આર.ટી.આઈમાં પરિવર્તિત થઈ છે કેટલાક જાગૃત નાગરિકો એ આ અંગે વડાપ્રધાન, મુખ્યપ્રધાન, પ્રાદેશિક કમિશનર, તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆત કરી છે બાળઆંગણવાડીમાં નજીવા વેતનથી કામ કરતા કર્મચારીઓની વેતન વગર હાલત કફોડી બની છે જે પણ પ્રજાજનોએ ગંભીર નોંધ લઈ દુખઃદાયક ગણાવી આર.ટી.આઈ નો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

# ઈડર તાલુકા કિસાન સંઘના પ્રમુખ તરીકે વરણી



નેત્રામલી, તા. ૨૮

ભારતીય કિસાન સંઘ ની વિશેષ બેઠક ઈડર તારીખ ૨૭/૮/૨૧ ને શુક્રવાર ના રોજ કોટન યાર્ડ માં યોજાઇ હતી. જેમાં ઈડર તાલુકાના નેત્રામલી ગામના વતની પટેલ અમૃતભાઈ બેચરભાઈ ની ઈડર તાલુકા કિસાન સંઘના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

# રાંધણ છઠ નિમિત્તે શાકભાજીના ભાવમાં ધરખમ ઉછાળો ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

ભિલોડા,તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં હતો.શાકભાજીના વેપારીઓએ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી હતી.કંકોડાનો એક કિલોનો ભાવ ભાવોમાં એકા-એક ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓ આર્થિક મુંઝવણમાં મુંકાઈ પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.શાકભાજી માર્કેટમાં ગૃહિણીઓ રીતસરના આટાં-ફેરા મારી ભાવ



રાંધણ છઠ્ઠ નિમિત્તે શાકભાજીના ભાવમાં એકા-એક ધરખમ ઉછાળો આવતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું હતું.કંકોડાનો ભાવ રેકોર્ડ બ્રેક જોવા મળ્યો રૂા.૨૦૦/- થી રૂા.૨૪૦/- સુધી હતો. શાકભાજીનો ભાવ આસમાને પહોંચતાં ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે.શાકભાજીના હતી.જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું કે શાકભાજીના ભાવોમાં તહેવારો નિમિત્તે ધરખમ ભાવ વધારો જોવા મળી રહ્યો છે.શાકભાજીના ભાવોમાં જંગી ઉછાળો આવતા આ તેજીના ભાવો શાકભાજી પકવતા ખેડુતો માટે નથી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે હોલસેલ અને રીટેલ વેપારીઓ માટે કૃત્રિમ તેજીના ભાવ શાકભાજી માર્કેટોમાં ગ્રૃહિણીઓને સાંભળવા મળે છે.

કાળઝાળ અસહ્ય મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજાનોને શું ખાવું અને શું ના ખાવું તેવી સમસ્યા સર્જાઈ છે.શાકભાજીના ભાવ ભડકે બળતા હોવાના કારણે ગરીબ વર્ગ આર્થિક મુશ્કેલીમાં મુકાયો છે. ગરીબ મજુરીયાત વર્ગના લોકો દિવસ-રાત કાળી મજુરી કરી માંડ-માંડ પેટીયું રળતા હોય છે.શાકભાજીના ભાવમાં ધરખમ ભાવવધારો આવતા મધ્યમ વર્ગના બાબતે રકઝક કરતી હોય છે.ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા શાકભાજીના ઉંચામાં ઉંચા ભાવો ગ્રાહકો પાસેથી વસુલતા હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું.શાકભાજી માર્કેટોમાં શાકભાજી વેચતા અમુક બે નંબરીયા વેપારીઓ અને ફેરીયાઓના વજન કાંટા સાચા છે કે ખોટા તે મોટો પ્રાણ પ્રશ્ન સતત ગૃહિણીઓને સતાવતો હોય છે.અમુક શાકભાજી વેચતા બે નંબરીયા વેપારીઓ પથ્થરના બાટ બનાવી ધોળા દિવસે બિન્દાસ્ત વેપાર કરતા હોય છે.વજનમાં ગેરરીતી કરતા હશે તેમ ગૃહિણીઓમાં ચર્ચાય છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી ગૃહિણીઓની પ્રબળ લોકમાંગણી છે.

# ભિલોડા તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખપદે નિમણુંક

ભિલોડા, તા.૨૮

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા ભાજપ મહિલા



મોરચાના પ્રમુખ પદે વિમલબેન અરવિંદભાઈ ભગોરાની નિમણુંક કરાતા ભાજપના હોદ્દેદારો,કાર્યકરો અને મહિલાઓમાં આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ,ઉપપ્રમુખ મનોજભાઈ પટેલ,આદિજાતિ નિગમ ડીરેકટર પી.સી.બરંડા, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન કાંતીલાલ પટેલ, મહામંત્રી એન.કે. કલાસવા,ભવાનભાઈ ઠાકોર, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન બંકીમચંદ્ર તબીયાર, કારોબારી અધ્યક્ષ વિક્રમભાઈ પટેલ, દંડક ધનજીભાઈ નિનામા સહિત ભાજપના આગેવાનોએ મહિલા મોરચાના પ્રમુખનો બિરદાવ્યા હતા.

# પ્રાંતિજ પોલીસે અપહરણના ગુન્હાના આરોપી અને ભોગ બનનારને શોધી પોલીસને હવાલે કર્યા

**પ્રાંતિજ પોલીસે બાતમીના આધારે આરોપીને ઝડપી પાડયો : આરોપી વિરૂધ્ધ પધ્ધર પોલીસ સ્ટેશનમાં આઇપીસીકલમ કલમ-૩૬૩,૩૬૬,૧૧૪ મુજબ ગુનો નોધાયો છે**

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસે અપહરણ ના ગુન્હા ના આરોપીને અને ભોગબનાર સગીરા ને શોધી કાઢવામા મોટી સફળતા મળી હતી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી મુજબ પ્રાંતિજ પોલીસને જિલ્લા પોલીસ અધિક્ષક નિરજ કુમાર બડગૂજર દ્રારા હિંમતનગર માંથી ગુમ અપહરણ થયેલ મહિલા તથા બાળકોને શોધીકાઢવા સુચના આપેલ હોઈ જે ને લઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ.ત્રિવેદી તથા પોલીસ સ્ટાફ સતત કાર્યરત હોય જે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલી કે પ્રાંતિજ તાલુકા ના નવાપુર ગામનો અનીલ બાબુજી મકવાણ છેલ્લા એક અઠવાડિયા થી કચ્છ જિલ્લા માંથી એક છોકરી ને ભગાડી લાવ્યો હોય અને તેના ઘરે રાખેલ છે જેથી બાતમી ના આધારે પ્રાંતિજ પોલીસ ના હેડ કોન્સ્ટેબલ દેવજીભાઈ નરસિંહ ભાઈ , કલ્પેશ કુમાર બાબુભાઈ તથા જ્યોત્સના બેન દ્રારા તપાસ કરતા આરોપી અનીલજી બાબુજી મકવાણા તથા ભગાડી લાવેલ છોકરી (ભોગબનાર ) બન્ને તેના ઘરે મળી આવતા બન્ને ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લાવી અનીલજી ની પુછપરછ કરતા તેની સાથે રહેલ છોકરી ને પશ્ચિમ કચ્છ ખાતે થી ભગાડી લઈ આવેલ હોવાનું જણાવેલ અને ભોગબનાર ની પુછપરછ કરવા તે સગીર વયની અને ધોણેટી તા.ભુજ જિ.કચ્છ પશ્ચિમ ભુજની હોવાનુ જણાતા



પ્રાંતિજ પોલીસ દ્રારા ઈ.ગુજકોપ એપ્લીકેશન સર્ચ કરતા અનીલજી બાબુજી મકવાણા રહે.પ્રાંતિજ ના નવાપુર રોડ, પ્રાંતિજ વાળા વિરૂધ્ધ કચ્છ પશ્ચિમ જિલ્લા ના પધ્ધર પોલીસ સ્ટેશન ખાતે ગુના રજીસ્ટર માં ૧૧૨૦૫૦૪૪૨૧૫૮૯ / ૨૦૨૧ આઈપીસીકલમ ૩૬૩, ૩૬૩, ૧૧૪ મુજબ ગુનો નોધાયો હોવાનુ જાણવા મલ્યુ હતુ તો અનીલજી બાબુજી મકવાણા રહે. પ્રાંતિજ નવાપુરા, વાધપુર રોડ, પ્રાંતિજ ને સી.આર.પી.સી કલમ-૪૧(૧) (આઇ) મુજબ અટકાયત કરી આરોપી તથા ભોગબનાર ને કચ્છ પશ્ચિમ જિલ્લા પધ્ધર પોલીસ સ્ટેશન ખાતે સોપવામા આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ ને અપહરણ થયેલ ભોગબનાર ને શોધી કાઢવામા સફળતા મળી હતી.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા જરૂરીયાતમંદોને કાચું સીધું અપાયું

પ્રાંતિજ તા.૨૮

દાન આપવું એ સહેલું છે પણ ખરેખર જરૂરીયાત મંદો સુધી પહોંચાડવું એ વધારે અઘરૂં છે ત્યારે



પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા છેલ્લાં સાત વર્ષ થી કોઈ ને મદદ કરવાનાં ઈરાદા થી દાન ઉઘરાવી જરૂરીયાત મંદો ને પહોંચાડે છે. સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં સાત વર્ષથી ક્ષત્રિય સમાજ યુવક મંડળ દ્વારા સાતમ-આઠમ ના તહેવારને પ્રાંતિજ સહિત તાલુકામાંથી દરેક સમાજ ના દાંતાશ્રીઓ પાંસેથી નાનીમોટી રકમ એકઠી કરી ખરેખર જરૂરીયાત મંદોની યાદી બનાવી નાનીભાગોળ બહુચર માતાનાં મંદિર ચોકમાં કાચું સીધાં ની કિટ તૈયાર કરી ૧૧૫ જેટલા ખરેખર જરૂરીયાત મંદો ને ઉપસ્થિત મહાનુભાવો અને દાંતા શ્રીઓના હસ્તે આપવામાં આપવામા આવી હતી તો ઉપસ્થિત મહાનુભાવો અને દાંતા શ્રીઓનુ ફુલ હાર દ્વારા ક્ષત્રિય યુવક મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ ત્યારે આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ગોવિંદસિંહ, મુખ્ય દાંતા વિળાબેન સથવારા, વિનુભાઈ સથવારા સહિત દાંતાઓ ઉપસ્થિત રહીને જરૂરીયાત મંદોને કાચું સીધા ની કિટ પુરી પાડવામાં આવી હતી તો હમિરસિંહ, રાકેશભાઈ પંડયા , ચેહુજી મોતીજી દ્વારા ખરેખર યોગ્ય લાભાર્થીઓને કાચું સીધાની કિટ મળે



નગરપાલિકાના દિપકભાઈ કડીયા, નગરપાલિકા કોર્પોરેટર તેવું સુદર આયોજન કરવામાં આવ્યું હતું.